શ્રી શ્યામ ઝેરોક્ષ
અહીં કલર ઝેરોક્ષ,જમ્બો ઝેરોક્ષ
સ્પાયરલ બાઈડીંગ,લેમીનેશન,
સ્ટેશનરી, રબર સ્ટેમ્પ, વગેરે કામ કરનાર.
Mo. 9909890070
શ્રી લક્ષ્મી પેલેસ, બેંક રોડ, વ્યારા.

ભલ ભલાની ખબર લેતું...
RNI No. GUJGUJ/2005/21613

# ગુજરાત રક્ષા

GUJARAT RAKSHA (Weekly, Vyara)
(સાપ્તાહિક-વ્યારા)

દુકાન ભાડે આપવાની છે
અર્નવ પોઈન્ટ
૧૫x૩૦ગ્રાઉન્ડ + ફસ્ટ ફ્લોરની
દુકાન ભાડે આપવાની છે.
સુરતીબજારમાં રોડ ટચ દુકાન
ભાડે આપવાની છે.
સંપર્ક નંબર
૯૯૧૩૪૧૮૧૮૧,૯૬૩૮૭૨૮૧૮૧

તંત્રી : ધર્મેશ વાણી , મો.નં. ૯૩૭૭૫૩૭૦૦૦, સંર્ક્યુલેશન મેનેજર : કૈલાશ સૂર્યવંશી. ❖ "Social Media Edition" વાર : સોમવાર ❖ તા.૦૨-૦૯-૨૦૨૪ ❖ પાના : ૦૪ ❖ કિંમત : ૨ રૂપિયા ❖ લીગલ એડવાઈઝર : એડવોકેટ જીગ્નેશ પાટીલ.
કાર્યાલય : ૪, મોટી બાળકોની હોસ્પિટલની નીચે, પહેલા માળે, વૈભવ કોમ્પ્લેક્ષ, વૈભવ સીનેમાની બાજુમાં,વ્યારા -૩૯૪૬૫૦, જી.તાપી (ગુજરાત). Website : www.gujaratraksha.com, Email : gujaratraksha@yahoo.co.in


## શિવાજી મહારાજની મૂર્તિ તૂટવા પર રાજકારણ ગરમાયું, ઉદ્ધવ-શરદે માર્ગો પર ઊતરી બતાવ્યો 'પાવર'



મહારાષ્ટ્રના સિંધુદુર્ગમાં કિલ્લામાં સ્થાપિત છત્રપતિ શિવાજી મહારાજની મૂર્તિ તૂટવા પર રાજકારણ ગરમાયું છે. આ મામલે વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી એકનાથ શિંદેએ માફી પણ માગી છે. પીએમ મોદીની માફી બાદ મામલો શાંત થવાને બદલે વધુ ગરમાયો છે. એક તરફ મહારાષ્ટ્ર સરકારે તપાસ માટે SITની રચના કરી છે તો I.N.D.I.A. ગઠબંધને આ મામલે સરકાર સામે મોરચો ખોલ્યો છે. મહાવિકાસ આઘાડીએ મેગા મુંબઈ પ્રોટેસ્ટનું એલાન કર્યું છે. બીજી તરફ વહીવટી તંત્રએ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. સત્તાધારી ભાજપ વિપક્ષના આ વિરોધનો જવાબ આપવા માટે અલગથી પ્રદર્શન કરવા જઈ રહ્યું છે.ઉદ્ધવ-શરદે માર્ગો પર ઊતરી બતાવ્યો 'પાવર' રવિવારે ગેટવે ઓફ ઈન્ડિયા પાસે ભારે પોલીસ દળ તેહનાત કરવામાં આવ્યું છે અને સુરક્ષાના કારણોસર સામાન્ય લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હુતાત્મા ચોકથી શરૂ થનારા આ માર્ચમાં શિવસેના ચીફ ઉદ્ધવ ઠાકરે અને NCP (શરદ પવાર) ચીફ શરદ પવાર પણ ભાગ લીધો છે. વિપક્ષે આ વિરોધને 'જોડે મારો' પ્રોટેસ્ટનું નામ આપ્યું છે. તેનો અર્થ થાય છે 'ચપ્પલ મારવી'.શિવસેના દ્વારા કહેવામાં આવ્યું છે કે, મહારાષ્ટ્રના સ્વાભિમાનને જાગૃત કરવા અમે શિવાજીના ચરણોમાં શ્રદ્ધા સુમન અર્પિત કરવા જઈ રહ્યા છીએ. શરદ પવારના જૂથ દ્વારા કહેવામાં આવ્યું કે ભ્રષ્ટ શિવ દેશદ્રોહીઓને બક્ષવામાં નહીં આવશે. કોંગ્રેસના મહારાષ્ટ્ર યુનિટે કહ્યું કે શિવ દેશદ્રોહીઓને પાઠ ભણાવવા માટે આ માર્ચનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તમને જણાવી દઈએ કે જે ૩૫ ફૂટ ઊંચી પ્રતિમા તૂટી પડી છે તેનું અનાવરણ ગત વર્ષે જ પીએમ મોદીએ કર્યું હતું. નેવીએ સરકાર સાથે મળીને આ પ્રોજેક્ટ પૂરો કર્યો હતો. પોલીસે આ મામલે સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટની ધરપકડ કરી છે. તેની સામે અન્યોની સુરક્ષાને જોખમમાં મૂકવાનો કેસ નોંધવામાં આવ્યો છે.વિપક્ષ બિનજરૂરી રાજકારણ રમી લોકોને ગેરમાર્ગે દોરી રહ્યું: ભાજપભાજપનું કહેવું છે કે વિપક્ષ આ મામલે બિનજરૂરી રાજકારણ રમીને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યું છે. વિપક્ષ આગામી વિધાનસભાની ચૂંટણીના કારણે જ આ બાબતને મહત્વ આપી રહ્યું છે. ભાજપે કહ્યું કે વિપક્ષ શિવાજી પ્રત્યે જે પ્રેમ બતાવી રહ્યો છે તે માત્ર એક દેખાડો છે. રાહુલ ગાંધીએ પણ રાફેલ મામલામાં માફી માંગી હતી, તો ત્યારે આ લોકોએ વિરોધ પ્રદર્શન કેમ નહોતું કર્યું. શું વડાપ્રધાનની માફી પૂરતી નથી? ભાજપના પ્રવક્તાએ કહ્યું કે પાર્ટીનો યુવા મોરચો આખા મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાઓ પાસે વિરોધ પ્રદર્શન કરશે અને લોકોને જણાવશે કે, કોંગ્રેસ સરકારે શિવાજીના કિલ્લાને બચાવવા માટે કોઈ કામ નથી કર્યું.

### ભાજપ નેતાનું ઘર ફૂંકી માર્યું

## મુખ્યમંત્રીના ઓડિયો પર ભડક્યો કૂકી સમુદાય, મણિપુરમાં ફરી હિંસા શરૂ




**મણિપુર,** મણિપુરમાં ફરી એકવાર તણાવ વધતો જોવા મળી રહ્યો છે. કુકી સમુદાયે શનિવારે આદિવાસી પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં ત્રણ રેલીઓ કાઢી હતી. આ રેલીઓમાં લોકો અલગ વહીવટી તંત્રની માંગ પર અડગ દેખાયા. લોકોએ મુખ્યમંત્રી એન બિરેન સિંહની કથિત ઓડિયો ક્લિપનો પણ વિરોધ કર્યો, જેમાં કેટલીક વાંધાજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી. કૂકી સમુદાયના લોકોએ ચુરાચંદપુર જિલ્લાના લેઈ શાંગ, કાંગપોકપીના કૈથેલમંબી અને તેંગનોપલના મોરેહમાં રેલીઓ યોજી હતી.ભાજપ નેતાના ઘરને આગ લગાડી શનિવારે ચુરા ચંદપુર જિલ્લામાં ભાજપ ના રાજ્ય એકમના પ્રવક્તા માઈકલ લામજાથાંગના પૈતૃક ઘરને અજાણ્યા લોકોએ આગ લગાવી દીધી હતી. હુમલા દરમિયાન તુઈબોંગ સબડિવિઝનના પેનિયલ ગામમાં એક ઘરના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી કારને પણ આગ ચાંપી દેવામાં આવી હતી. ગયા અઠવાડિયે પણ આ ઘર પર હુમલો થયો હતો. પોલીસે જણાવ્યું કે ચુરાચંદપુર જિલ્લાના ડેપ્યુટી કમિશનર ધરુણ કુમાર એસએ જિલ્લા પોલીસ અધિક્ષકને પત્ર લખીને તપાસ હાથ ધરવા અને શક્ય તેટલી વહેલી તકે રિપોર્ટ સબમિટ કરવા જણાવ્યું છે. મુખ્યમંત્રી એન બિરેન સિંહે પણ લમજથાંગના ઘર પરના ત્રીજા હુમલાની આકરી ટીકા કરી હતી. મણિપુરમાં બંધ જેવી સ્થિતિ ચુરાચંદપુરમાં આ રેલી લેઈશાંગના એંગ્લો કુકી વોર ગેટથી શરૂ થઈ હતી. કુકી-જો સમુદાયના વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલી રેલીને ધ્યાનમાં રાખીને જિલ્લામાં તમામ બજારો અને શાળાઓ બંધ રખાઈ હતી. દરમિયાન, કમિશનર (ગૃહ) એન અશોક કુમારે લોકોને વ્યવસાયિક સંસ્થાનો અને ખાનગી સંસ્થાનો ખુલ્લી રાખવા વિનંતી કરી હતી. સેંકડો વિરોધીઓએ રેલીમાં ભાગ લીધો હતો જે કાંગપોકપીની કીથેલમન્બી મિલિટરી કોલોનીથી શરૂ થઈ હતી અને આઠ કિલોમીટરનું અંતર કાપીને જિલ્લા હેડક્વાર્ટરના થોમસ મેદાન સુધી પહોંચી હતી. કૂકી સમુદાયના દેખાવકારે શું કહ્યું ? કાંગપોકપી રેલીમાં હાજર એક દેખાવકાર જી. કિપગેને કહ્યું કે, 'કૂકી-જો સમુદાયના લોકો કેન્દ્રશાસિત પ્રદેશની માંગને લઈને આ દેખાવ કરી રહ્યા છે. અમે 'વાઈરલ' ઓડિયો ક્લિપનો પણ વિરોધ કર્યો હતો જેમાં વાંધાજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી. મણિપુર સરકારે દાવો કર્યો હતો કે જાતીય હિંસાથી પીડાઈ રહેલા રાજ્યમાં શાંતિના પગલાને રોકવા અને માહોલ બગાડવાના પ્રયાસ હેઠળ સોશિયલ મીડિયા પર ઓડિયો ક્લિપ ફેલાવઈ હતી તેમાં મુખ્યમંત્રીનો અવાજ હોવાનો દાવો જુઠ્ઠો છે.

## ઝારખંડ કોન્સ્ટેબલ ભરતી પ્રક્રિયામાં ૧૦ લોકોના મોતનો ભાજપનો આક્ષેપ



**રાંચી:** ઝારખંડમાં કોન્સ્ટેબલ ભરતી પ્રક્રિયા દરમિયાન દોડમાં ૧૦ ઉમેદવારોના મોત થયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બાબત ભાજપ અધ્યક્ષ બાબુલાલ મરાંડીએ પોતાના એક્સ હેન્ડલ પર પોસ્ટ કરી છે. બાબુલાલ મરાંડીએ એક્સ પર લખ્યું હતું કે હેમંત સોરેનની અવ્યવસ્થા અને જીદના કારણે આ ભરતી પ્રક્રિયાની દોડ હવે મૃત્યુની દોડ બની ચૂકી છે. આ મોતની દોડના રાજ્યના ૧૦ બેરોજગાર યુવાનો અકાળે મૃત્યુની જાળમાં સપડાયા છે. અનેક ઘરોના દીવા બુઝાયા છે. અનેક વાલીઓ નિરાધાર બન્યા છે.યુવાનોને કાળઝાળ ગરમીમાં દોડવવામાં આવી રહ્યા છે : મરાંડઆ અંગે બાબુલાલ મરાંડીએ એ કહ્યું કે અડધી રાત્રે યુવાનોને ઉભા રાખી દેવામાં આવે છે. તેમજ પછી બીજા દિવસે કાળઝાળ ગરમીમાં તેમણે દોડાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત ભરતી કેન્દ્રો પર આરોગ્ય સેવાની સુવિધા કરવામાં આવી નથી. આ ઉપરાંત દોડ માટે નક્કી કરાયેલા રુટ પર પણ હેમંત સરકારે યોગ્ય વ્યવસ્થા નહોતી કરી.સરકારે મૃતક યુવકના આશ્રિતોને તાત્કાલિક વળતર ચૂકવવું જોઈએ તેમણે કહ્યું કે, સાડા ૪ વર્ષ સુધી યુવાનોને બેરોજગાર રાખ્યા પછી પણ હેમંતજીને સંતોષ ન મળ્યો, તેથી હવે તેઓ યુવાનોને મારવા પર ઉતારું થયા છે.

## NDAમાં તિરાડ! જુમ્માની નમાઝનો વિવાદ ભારે પડ્યો, જેડીયુ બાદ હવે વધુ એક પાર્ટીને પડ્યો વાંધો



આસામ સરકારના વિધાનસભામાં જુમ્મા બ્રેક પર રોક લગાવવાના નિર્ણય બાદ હવે NDAમાં જ તિરાડ પડતી નજર આવી રહી છે. અગાઉ જેડીયુએ આ નિર્ણય પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, આ લોકોના અધિકારો છીનવી લેવાનું કામ કરવામાં આવૂ રહ્યું છે. આ વચ્ચે હવે વધુ એક પાર્ટીએ આ નિર્ણય પર વાંધો ઉઠાવ્યો છે. LJPએ પણ ઉઠાવ્યા સવાલજેડીયુ બાદ હવે LJP (રામ વિલાસ)ના દિલ્હી અધ્યક્ષ રાજુ તિવારીએ પણ આસામ સરકારના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે. તેમણે સરકારને સૂચન કર્યું કે ધાર્મિક પ્રથાઓની સ્વતંત્રતા નું સન્માન કરવું જોઈએ. લેટરલ એન્ટ્રી સિસ્ટમ પર પણ ઉઠાવ્યા હતા સવાલ બિહારના બંને સહયોગીઓએ તાજેતરમાં ક્વોટાની જોગવાઈઓનું પાલન કર્યા વિના કેન્દ્રની લેટરલ એન્ટ્રી સિસ્ટમ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. ત્યારબાદ સરકારે નિર્ણય પાછો ખેંચી લીધો હતો.જેડીયુ નેતાએ કહી હતી આ વાતબીજી તરફ જેડીયુ નેતા નીરજ કુમારે આસામ વિધાનસભામાં જુમ્માની નમાઝ માટે બે કલાકના બ્રેકની પ્રથા પર રોક લગાવવાના નિર્ણયની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, સરમાએ ગરીબી નાબૂદી અને પૂર નિવારણ જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આસામના મુખ્યમંત્રી દ્વારા લેવામાં આવેલો નિર્ણય દેશના બંધારણના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ છે.

## પશ્ચિમ બંગાળમા માં મધ્યગ્રામમાં તંગદિલી, સગીરા સાથે છેડછાડને લઇને આરોપીના ઘરમાં તોડફોડ



**કોલકાતા :** પશ્ચિમ બંગાળમાં ટ્રેઈની ડૉક્ટર પર રેપ અને મર્ડર કેસની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી. ત્યાં મધ્યગ્રામમાં સગીરા સાથે છેડતીનો મામલો નોંધાયો છે. પશ્ચિમ બંગાળમાં મહિલાઓની સુરક્ષાને લઈને સવાલો ઉભા થઈ રહ્યા છે. મહિલાઓની સુરક્ષાના મુદ્દે વિપક્ષ સતત મમતા સરકાર પર પ્રહારો કરી રહ્યું છે ત્યારે આ ઘટનાથી આ મુદ્દાને વધુ વેગ મળ્યો છે.ટોળાએ આરોપીના ઘરની તોડફોડ કરીજેમાં ઘટનાની વિગત મુજબ ૨૪ પરગણાના મધ્યગ્રામમાં એક સગીરાની છેડતીનો મામલો પ્રકાશમાં આવ્યો છે. આ દરમિયાન ગુસ્સે ભરાયેલા ટોળાએ આરોપીના ઘર અને તેના સંબંધીની દુકાનમાં તોડફોડ કરી હતી. આ દરમિયાન પોલીસે ભીડને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જ કરવો પડ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે.આ સિવાય સ્થાનિક ટીએમસી પંચાયત સભ્યના ઘર પર પણ હુમલો કરવામાં આવ્યો છે. સ્થાનિક લોકોનો આરોપ છે કે પંચાયત સભ્યના પતિએ વચેટિયાની ભૂમિકા ભજવવા નો પ્રયાસ કર્યો હતો.અમિત માલવિયાએ મમતા સરકાર પર નિશાન સાધ્યુંભાજપના આઈટી સેલના વડા અમિત માલવિયા એ પશ્ચિમ બંગાળમાં મહિલાઓની સુરક્ષાના મુદ્દે મમતા સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું પશ્ચિમ બંગાળમાં, સપ્ટેમ્બર, ૨૦૨૪નો પહેલો દિવસ યૌન ઉત્પીડનના ચાર રેકોર્ડ કેસ સાથે શરૂ થાય છે. બીરભૂમના લામાબજાર હેલ્થ સેન્ટરમાં નર્સની છેડતી. તે નાઈટ ડ્યુટી પર હતી ત્યારે શેખ અબ્બા સુદ્દીન નામના શખ્સે તેની છેડતી કરી હતી.

# સમસ્ત મુસ્લિમ સમાજ તાપી જીલ્લા તરફથી ગુસ્તાખે રસુલ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જીલ્લા કલેકટરને આવેદનપત્ર સોંપાયું



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** તાપી જિલ્લાનાં મુસ્લિમ ભાઈઓ દ્વારા હાલમાં મહારાષ્ટ્રનાં નાસિક જિલ્લા માં થયેલ એક ધાર્મિક કાર્યક્રમમાં રામગીરી મહારાજ નામના વ્યકિતએ પોતાના પ્રવચનમાં ઈસ્લામ ધર્મ અને પયગમ્બ્લર (સ. અ. વ.) વિરુદ્ધ આપત્તિજનક ટિપ્પણી કરી હુઝુરની શાનમાં ગુસ્તાખી કરી છે જેના કારણે સમગ્ર દેશનાં મુસ્લિમ સમાજની લાગણી દુભાઈ છે અને તાપી જિલ્લાનાં મુસ્લિમ સમાજનાં લોકોની પણ લાગણી દુભાઈ અને તાપી જિલ્લાનાં મુસ્લિમ સમાજનાં લોકો સમગ્ર ઘટનાની નિંદા કરે છે અને આ મામલે કાયદેસરની કાર્યવાહી થાય તે માટે જિલ્લા કલેકટરશ્રી તાપીને શાંતિપૂર્ણ રીતે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

# વહુ અને સાસુના ઝગડામા સમાધાન કરાવતી ૧૮૧ ટીમ તાપી


**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** તાપી ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં મદદ માટે વાલોડ તાલુકાના એક ગામમાંથી પીડિત બહેનનો ફોન આવતા જણાવ્યુ કે, તેમના સાસુ હેરાન કરે છે તેથી ૧૮૧ અભયમની મદદની જરૂર છે. તેથી ૧૮૧ અભયમ ટીમ ઘટના સ્થળે પોહચતાં જાણવા મળેલ કે પીડિતા બેન તેમના પતિ સાથે અલગ રહે છે. સંતાનમા બે છોકરાઓ છે. પિડીત બેન તેમના પતિ સાથે મજુરીકામ કરે છે અને તેમના સાસુ સસરા અલગ રહે છે. છતાં તેમની સાસુ કામની બાબતમાં અપશબ્દો બોલી ગાળાગાળી કરતા હોય છે. અને ઘરમાં બધુ કામ હું કરું છું એવું કહે છે. આજરોજ પીડિતબેનની છોકરી કપડા વેચવા માટે આવેલ એક ભાઈ પાસે ઓઢણી તેમની સાસુ પાસે લઈ માંગતા સાસુ પાસે પૈસા ન હોવાથી તારી મમ્મી પાસે લઈ માંગવા કહેતા પિડીત બેન પાસે પૈસા ન હોવાથી તેમણે ઓઢણી લેવા માટે ના કહેતા બંને પક્ષો વચ્ચે બોલાબોલી થતાં ૧૮૧ ટીમની મદદ લેતા. તેમની સાસુનું અસરકારક કાઉન્સેલિંગ કરેલ. અને બને પક્ષો ને સમજાવેલ. પીડિત બહેન અને તેમની સાસુને કાયદાકીય સમજણ આપેલ અને જરૂર પડ્યે મહિલા સહાયતા કેન્દ્રની સલાહ આપેલ. તેમની સાસુએ માંફી માગી હોય અને ફરી આ બાબતે લડાઈ ઝગડો ન થાય જેની લેખિત બાહેધરી આપતાં સમાધાન કરવામાં આવેલ. આમ વહુ અને સાસુના ઝગડામા સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે.

# વ્યારાના પ્રોહીબિશનના ગુન્હામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી તથા પેરોલ ફર્લો સ્કોર્ડ




**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** આજરોજ શ્રી એન.જી. પાંચાણી, ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી. તાપીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી, એન.એસ. વસાવા પેરોલ ફર્લો સ્કોર્ડ તાપી, એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કોર્ડ તાપીના પોલીસ માણસો સાથે વ્યારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. તે દરમ્યાન આ.પો.કો. હસમુખભાઇ વીરજીભાઇ તથા પો.કો. અરૂણભાઇ જાલસીંગભાઇને મળેલ સયુકત બાતમી આધારે વ્યારાના બાલપુર ચાર રસ્તા પાસેથી વ્યારા પો.સ્ટે.મા નોંધાયેલ પ્રોહીબિશનના ગુનામાં સંડોવાયેલ નાસતો-ફરતો વોન્ટેડ આરોપી- મિતેશભાઇ રમેશભાઇ ગામીત ઉ.વ.૩૨ ધંધો.ખેતી રહે. કપડવણ ગામ, ઝરણ ફળીયા, તા.વ્યારા જી.તાપીનાને તા.૨૯/૦૮/૨૦૨૪ ના રોજ પકડી પાડી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ કાર્યવાહી માટે વ્યારા પોલીસ સ્ટેશનને સોંપેલ છે.કામગીરી કરનાર ટીમ :- ઇન્ચાર્જ પો.ઇન્સ.શ્રી એન.જી. પાંચાણી એલ.સી.બી. તાપીની સુચનાથી પો.સ.ઇ.શ્રી, એન.એસ. વસાવા પેરોલ ફર્લો સ્કોર્ડ તાપી તથા એ. એસ. આઇ. ગણપતસિંહ રૂપસિંહ, અ.હે.કો. ધર્મેશભાઇ મગનભાઇ, અ.પો.કો. વિનોદભાઇ પ્રતાપભાઇ, અ.પો.કો. રોનક સ્ટીવન્સન, પો.કો. અરૂણભાઇ જાલસીગ ભાઇ તથા પેરોલ ફર્લો સ્ટાફના આ.પો.કો. હસમુખ ભાઇ વીરજીભાઇ તથા અ. પો .કો. વિનોદભાઇ ગોકળભાઇ તથા અ.પો.કો. ધનંજયભાઇ ઇશ્વરભાઈએ કામગીરી કરેલ છે.

# ડોલવણનાં પ્રોહીબિશનના ગુન્હામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી તથા પેરોલ ફર્લો સ્કોર્ડ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** આજરોજ શ્રી એન.જી. પાંચાણી, ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી. તાપીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી, એન.એસ.વસાવા પેરોલ ફર્લો સ્કોર્ડ તાપી નાઓ એલ. સી. બી. તાપીના પોલીસ માણસો સાથે ડોલવણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. તે દરમ્યાન અ.હે.કો. ધર્મેશભાઇ મગનભાઇ તથા અ.પો.કો. અરૂણભાઇ જાલમસિંગને મળેલ બાતમી આધારે ડોલવણ ચાર રસ્તા પાસેથી ડોલવણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પ્રોહીબિશનના ગુનામા સંડોવાયેલ નાસતો-ફરતો વોન્ટેડ આરોપી- હિરલભાઇ ઉર્ફે બચુ મગનભાઇ ઢોડીયા પટેલ ઉ.વ.૨૪ ધંધો. ખેતી રહે. પાણીખડક દુકાન ફળીયા તા.ખેરગામ જી.નવસારીને તા.૨૭/૦૮/૨૦૨૪ ના રોજ પકડી પાડી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ કાર્યવાહી માટૈ ડોલવણ પોલીસ સ્ટેશનને સોંપેલ છે.કામગીરી કરનાર ટીમ :-ઇન્ચાર્જ પો.ઇન્સ.શ્રી એન.જી. પાંચાણી એલ. સી.બી. તાપીની સુચનાથી પો.સ.ઈ.શ્રી, એન.એસ. વસાવા પેરોલ ફર્લો સ્કોર્ડ તાપી તથા એ.એસ.આઇ. ગણપત સિંહ રૂપસિંહ તથા અ. હે.કો. ધર્મેશભાઇ મગનભાઇ, અ.પો.કો. અરૂણભાઇ જાલમ સિંગ, અ.પો.કોન્સ. વિનોદ ભાઇ પ્રતાપભાઇ તમામ નોકરી એલ.સી.બી તાપીએ કામગીરી કરેલ છે.

# ઉચ્છલનાં પ્રોહીબિશનના ગુન્હામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી તથા પેરોલ ફર્લો સ્કોર્ડ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** આજરોજ શ્રી એન.જી. પાંચાણી, ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી. તાપીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ એ. એસ. આઇ. જગદીશભાઇ જોરારામ ભાઇ એલ.સી.બી. તાપી, એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કોર્ડ તાપીના પોલીસ માણસો સાથે ઉચ્છલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન એ.એસ.આઇ. જગદીશભાઇ જોરારામભાઇ તથા અ.પો.કો રાહુલભાઇ દિગંબરભાઇને મળેલ બાતમી આધારે સાકરદા બ્રિજ નીચેથી ઉચ્છલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પ્રોહીબિશનના ગુનામા સંડોવાયેલ નાસતો-ફરતો વોન્ટેડ આરોપી- કોમલસિંગ દર્યાવસિંગ રાજપુત ઉ.વ.૩૧, હાલ રહે. ગ્રીનપાર્ક સોસાયટી પ્લોટ નં.૦૧ હલધરુ રોડ, તા.કોડદરા જી.સુરત, મુળ રહે.કરવંદ નાકા,હુડકો નવળ .૨૦,ભીમા બિલ્ડીંગ, શિરપુર, તા.શિરપુર જી.ધુલિયા (મહા)ને તા.૨૭/૦૮/૨૦૨૪ ના રોજ પકડી પાડી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ કાર્યવાહી માટે ઉચ્છલ પોલીસ સ્ટેશનને સોંપેલ છે.કામગીરી કરનાર ટીમ :-ઇન્ચાર્જ પો.ઇન્સ.શ્રી એન. જી. પાંચાણી એલ. સી. બી. તાપીની સુચનાથી એ. એસ. આઇ. જગદીશ ભાઇ જોરારામ ભાઇ, અ.હે.કો. જયેશભાઇ લીલકીયાભાઇ, અ. પો. કો. રવિન્દ્રભાઇ મહેન્દ્રભાઇ, અ.પો.કો. પ્રકાશભાઇ રામા ભાઇ તમામ નોકરી એલ. સી.બી. તાપી તથા અ. પો.કો. રાહુલભાઇ દિગંબર ભાઇ, પેરોલ/ફર્લો સ્કોડ-તાપીએ કામગીરી કરેલ છે.

# જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ તાપી ખાતે "નેશનલ સ્પોર્ટ્સ ડે" ની ઉત્સાહભેર ઉજવણી કરાઈ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** ૨૯ ઓગસ્ટ "નેશનલ સ્પોર્ટસ ડે" ભારતમાં હોકીના મહાન ખેલાડી મેજર ધ્યાનચંદનો જન્મ ૨૯ ઓગષ્ટ ૧૯૦૫ માં અલ્હાબાદમાં થયો હતો. તેઓએ હોકીમાં વિશ્વકક્ષાએ ભારતનુ નામ રોશન કર્યુ હતુ. તેથી તેમના જન્મ દિવસને "નેશનલ સ્પોર્ટસ ડે" જાહેર કરવામાં આવ્યો હતો. જેને અનુલક્ષીને સમગ્ર દેશે આ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી હતી."નેશનલ સ્પોર્ટ્સ ડે" નિમિત્તે શ્રી ર.ફ. દાબુ કેળવણી મંડળ દ્વારા ચાલતી જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) તાપી ખાતે ઉજવવામાં આવેલ હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે તાપી જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી ચેતન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી ચેતન પટેલે ખેલાડીઓને રમત-ગમત ક્ષેત્રે સફળ થવા અંગે પ્રોત્સાહિત કરી તમામ ખેલાડીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી. ડી. એલ. એસ. એસ. કોચ આહિર પિંકલે ખેલાડીઓને મેજર ધ્યાનચંદ અને સ્પોર્ટ્સ ડે વિશે વિસ્તૃત માહિતી પુરી પાડી સૌને નેશનલ સ્પોર્ટ્સ ડે શુભેચ્છાઓ પાઠવી હતી. ડી એલ એસ એસ ની ખેલાડી બાળાઓ દ્વારા કેક કાપી અને પ્લેંક ચેલેન્જ, દોરડી કૂદ, લીંબુ ચમચી જેવી વિવિધ ઈન્ડોર રમતોનું આયોજન કરી "નેશનલ સ્પોર્ટ્સ ડે" ઉજવવામાં આવ્યો હતો. નોધનીય છે, કે ગુજરાત રાજ્ય સહિત તાપી જિલ્લામાં પડી રહેલા ભારે વરસાદના કારણે સરકારશ્રી તરફથી મળેલ ગાઈડલાઈન મુજબ ખેલાડી ઓની તથા અન્ય સાથી મિત્રોની સુરક્ષાને ધ્યાને લઈ "સ્વચ્છ રહો, સુરક્ષિત રહો તંદુરસ્ત રહો,'હમ ફીટ તો ઈન્ડિયા ફીટ" ના સુત્રને ચરિતાર્થ કરવા આઉટ ડોર રમતોનું આયોજન ન કરતા માત્ર ઈન્ડોર રમતોનું આયોજન કરાયું હતું.તાપી જિલ્લામાં યુવા રમતવીરોમાં ખેલભાવના કેળવવા તેમજ પ્રોત્સાહિત કરવાના ઉમદા આશય સાથે "નેશનલ સ્પોર્ટ્સ ડે" ની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

# તાપી જિલ્લાનું ગૌરવ

## સોનગઢ-ઉકાઈ પાથરડાનાં હેનીલ અગ્રવાલે IIT બોમ્બે માંથી B.Techની ડિગ્રી મેળવી




**(પ્રતિનિધિ દ્વારા, ઉકાઈ) :** સોનગઢ તાલુકાના ઉકાઈ પાથરડાનાં રહેવાસી હેનીલ અગ્રવાલે IIT બોમ્બેમાંથી B.Tech (એરોનોટિકલ એન્જી.) સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. તેમને ટાટા એડવાન્સ એરોસ્પેસ, બેંગ્લોરમાં ડિઝાઇન એન્જિનિયર તરીકે પસંદ કરવામા આવ્યા છે. તેમના પ્રયાસો, સખત મહેનત, સંઘર્ષ, શિસ્ત સમર્પણ માટે તે ઘણા IIT ઉમેદવારો માટે રોલ મોડલ અને પ્રેરણાની ભૂમિકા ભજવશે. સમગ્ર તાપી જિલ્લા માટે ગૌરવના ક્ષણ અને સમગ્ર તાપી જિલ્લો તમને ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવે છે

# તાલુકા કક્ષાની ખો-ખો સ્પર્ધામાં માઁ શિવદુતી સ્કૂલની વિધાર્થી બહેનોએ ઝળહળતી સિદ્ધિ મેળવી



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** ગુજરાત સરકારશ્રીના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા રમતગમત અધિકારી, તાપી સંચાલિત શાળાકીય રમોતત્સવ (SGFI) ની ૨૦૨૪-૨૫ની વ્યારા તાલુકાની કક્ષાની ખો-ખો સ્પર્ધામાં માઁ શિવદુતી સ્કૂલની વિધાર્થી બહેનોની ટીમ વિજેતા થયેલ છે. ખો-ખો ટીમ કેપ્ટન ચૌધરી ત્વિષા, ચૌધરી પ્રીતિ, ચૌધરી પ્રતિક્ષા, ચૌધરી નેન્સી, ચૌધરી અર્ચના, ચૌધરી ખુશી, માવચી હિરલ, ગામિત પ્રેસિયસ, ગામિત હન્ના, ગામિત સમીક્ષા, પાડવી તેજલ, અને પાડવી ભૂમિકાએ આ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. વિધાર્થીની બહેનોએ પોતાની આગવી રમત શૈલીથી નિર્ણાયકોને પણ પ્રભાવિત કર્યા હત્તા.ખો-ખો સ્પર્ધામાં શાળાની વિજેતા થયેલ વિધાર્થી બહેનોને શાળાના ચેરમેનશ્રી અજય સિંહ રાજપૂતે તથા શાળાના કેમ્પસ ડાયરેક્ટર જયેશભાઈ પારેખ આ વિશેષ ઉપલબ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. તથા શાળાના આચાર્ય શ્રી પીયૂષભાઈ ભારતી વિધાર્થી ઓને અભિનંદન પાઠવ્યા હતાં. શાળાના પી.ટી. શિક્ષક આનંદભાઈ ચૌધરીએ જિલ્લા કક્ષાએ પણ આવો જ ઉત્તકૃષ્ટ દેખાવ કરી સિદ્ધિ હાંસલ કરે એવી શુભેચ્છા પાઠવી.

ગુજરાત રક્ષા

તંત્રી સ્થાનેથી

## રશિયા – યુક્રેન વોર વધુ ભીષણ બનશે

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુક્રેન મુલાકાતમાં શાંતિનો સંદેશો દીધો હોવા છતાં રશિયા-યુક્રેનનું યુદ્ધ વધુ ઉગ્ર બની રહ્યું છે એમાં મોદીજીના અમન માટેના પ્રયાસ ક્યાં સુધી કારગત નીવડશે ?અમેરિકા એયુક્રેનને ૧૨૫ મિલિયન ડોલરની લશ્કરી સહાયનું નવું પેકેજ આપવાની જાહેરાત કરી છે. રશિયા – યુક્રેનના યુદ્ધને અઢી વર્ષથી વધારે સમય અને બન્ને દેશમાં ભયંકર તારાજી અને આર્થિક પાયમાલી થઈ હોવા છતાં અત્યારે તો શાંતિ સ્થાપાય એવા કોઈ એંધાણ દેખાતાં નથી.અગાઉ રશિયાએ યુક્રેનનો ઘણો પ્રદેશ પર કબજો જમાવ્યો હતો, પરંતુ ઓગસ્ટની શરૂઆતમાં રશિયાના કુર્સ્ક પર યુક્રેને સફળ આક્રમણ કરીને રશિયન ક્ષેત્રમાં પગપેસારો કર્યો .આ એ જ ચાવીરૂપ સ્થળ છે જયાંથી રશિયા તેના લશ્કરી દળોને યુક્રેનની અંદર મોકલે છે. આને લીધે પુતિનનું નાક કપાયું છે. જોકે યુક્રેન પાસે લડવા માટે પૂરતું માનવબળ નથી અને લાંબે ગાળે કદાચ આ ગેમ ચેન્જર પગલું આત્મઘાતી પણ બની જાય. યુક્રેનની આ સફળતાને લીધે જ અમેરિકાના પ્રમુખ જો બાઈડેનને યુક્રેનને વધુ સહાય કરવાની પ્રેરણા મળી.યુક્રેને કાવકાઝ બંદરમાં ફયુઅલ ટેન્ક ધરાવતી ફેરી પર હુમલો કરીને તેને ડૂબાડી દીધી હતી. આને લીધે રશિયાને ફેરી સેવા બંધ કરી દેવી પડી છે. બાઈડેને યુક્રેનનેએર ડિફેન્સ મિસાઈલ, દારૂ ગોળો, જેવેલિન એન્ટિ ટેન્ક મિસાઈલ સિસ્ટમ. કાઉન્ટરડ્રોન વગેરે તત્કાળ મોકલવાનું જાહેર કર્યું છે. ઈન્ટરનેશનલ એટોમિકએનર્જી એજન્સીએ કુર્સ્કના અણુ પ્લાન્ટનું નિરીક્ષણ કરવા ડિરેક્ટર જનરલને મોકલ્યા છે. હાલમાં આ અણુ પ્લાન્ટ રશિયાના કબજામાં છે. રશિયાના પ્રમુખ પુતિને દાવો કર્યો છે કે યુક્રેનેઆ પ્લાન્ટ પર ડ્રોનથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. બીજી બાજુ યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીઆને પુતિનનું અણુ બ્લેકમેલિંગ ગણાવે છે.રશિયાએ યુક્રેનના સાહસનો જડબાતોડ જવાબ આપ્યો છે. રશિયાએ બે દિવસ પહેલાં આતંકવાદીઓએ અમેરિકાના ન્યૂ યોર્કના જોડિયા ટાવર પર ૧૧ સપ્ટેમ્બરે કરેલા હુમલાની યાદ અપાવે એવો ભયંકર હુમલો કર્યો છે. રશિયાએ યુક્રેનના ૧૫ સ્થળોએ ૨૦૦ ડ્રોન, ક્રુઝ મિસાઈલ અને હાયપરસોનિક ક્વિઝાઈ વડે ભિષણ હુમલો કર્યો છે. આ હુમલાને લીધે યુક્રેનની પાવરગ્રીડ અને બીજા ઈન્ફ્રાસ્ટ્રકચરને નુકસાન પહોંચ્યું છે. શિયાળો આવવાનો છે ત્યારે યુક્રેનના લોકને વીજળી જ ન મળે એવી પેરવી રશિયાએ કરી છે.આપણા વડા પ્રધાન મોદી જુલાઈની શરૂઆતમાં મોસ્કો જઈને રશિયાના પ્રમુખ પુતિનને મળ્યા હતા. એ મુલાકાત દરમિયાન રશિયાએ યુક્રેનની બાળકોની હોસ્પિટલ પર હુમલો કરતાં યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી, અમેરિકા અને યુરોપના દેશોએ મોદીની મુલાકાતની ટીકા કરી હતી. મોદીએ પણ નિર્દોષ બાળકોને આ રીતે મારવાના રશિયાના કૃત્યની ટીકા કરી હતી. પુતિનને ત્યારે મોદીએ કહી દીધું હતું કે આ યુદ્ધનો યુગ નથી. નવી દિલ્હીએ આ રીતે વિશ્ર્વને બતાડ્યું હતું કે તેણે રશિયાના કૃત્યો સામે આંખો બંધ રાખી નથી. રશિયાની મુલાકાત બાદ મોદીને તંગદોર પર ચાલવું પડ્યું છે.મોદી યુક્રેનની મુલાકાત લેનાર પહેલા ભારતીય વડા પ્રધાન છે. યુદ્ધ લડી રહેલા બન્ને દેશોના વડાને મળીને ભારતે પાવર પ્લેમાં એન્ટ્રી કરી છે.અલબત્ત, ભારતે તેના હિતને ધ્યાનમાં રાખીને રશિયા સામેના પ્રતિબંધનો અમલ કરવાની ના પાડી છે. ભારતે યુક્રેનને માનવતા સહાય પણ મોકલી છે. ભારતે છેલ્લા અઢી વર્ષથી સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં રશિયા સામેના ઠરાવો વખતે મતદાનમાં ગેરહાજર રહેવાનું પસંદ કર્યું છે. મોદીએ રશિયા અને યુક્રેનને સીધી વાતચીત કરવાનો અનુરોધ કર્યો છે. દિલ્હીએ ડાયલોગ અને ડિપ્લોમસી પર ભાર મૂક્યો છે. દિલ્હી દઢ પણે માનેછે કે મોસ્કો અને કિવે સીધી વાતચીત કરવી જોઈએ. રશિયા આ માટે તૈયાર નથી, કારણ કે ઓગસ્ટ પહેલાં યુદ્ધમાં એનો હાથ ઉપર રહ્યો છે.બીજી તરફ, આ નવેમ્બર દરમિયાન અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી છે. આ ચૂંટણી પહેલાં બાઈડેનને રાજકીય કારણોસર બન્ને વચ્ચે યુદ્ધવિરામ થાય એમાં રસ નહીં હોય. ચીનમાં યોજાયેલી યુદ્ધ વિરામ માટેની વાતચીતમાં કિવે તેના પ્રતિનિધિઓને મોકલ્યા હતા. જો કે, યુદ્ધવિરામ ત્યારે જ શકય બનશે જયારે અમેરિકા- યુક્રેન – રશિયા તૈયાર થાય.મોદીએ યુદ્ધ કરી રહેલા બન્ને દેશની મુલાકાત બાદ જોરદાર પહેલ શરૂ કરી છે. મોદીએ પહેલાં અમેરિકાના પ્રમુખ જો બાઈડેન અને પછી રશિયાના પ્રમુખ પુતિન સાથે ફોન પર વાતચીત કરી છે. મોદીએ પુતિનને રશિયા-યુક્રેન યુદ્ધ અંગેના મંતવ્યોનું આદાનપ્રદાન કર્યું હતું. મોદીએ યુક્રેનની બાજુ રશિયાને સમજાવી હતી. ભારતે વારંવાર કહ્યું છે કે યુદ્ધના સ્ટેકહોલ્ડરે સીધી વાતચીત કરવી જોઈએ. ક્રેમલિને એક નિવેદન બહાર પાડીને કહ્યું હતું કે મોદીએ રાજકીય અને રાજદ્વારી રીતે યુદ્ધના ઉકેલ લાવવાની વાત કરી હતી. રાજદ્વારી વર્તુળો માને છે કે ભારત યુદ્ધ લડી રહેલા દેશોને સંદેશો મોકલવાનું કામ કરી રહ્યું છે. હાલમાં તો અમેરિકા, રશિયા કે યુક્રેનને યુદ્ધવિરામમાં રસ હોય એવું પ્રતીત થતું નથી.

# પુતિનની મોંગોલિયામાં ધરપકડ કરાવવાની આઈસીસીની તાકાત નથી




**આઈસીસી પાસે કોઈ સત્તા જ નથી. પુતિનને તો હાથ અડાડવાની પણ તેની તાકાત નથી પણ મોંગોલિયાને પણ એ કશું કરી શકે તેમ નથી. ૩૫ લાખની વસતી ધરાવતા મોંગોલિયાની ઈકોનોમી અમેરિકા કે દુનિયાના બીજા કોઈ દેશ પર નિર્ભર નથી. ખેતી અને પશુપાલન પર નભતા મોંગોલિયાની દુનિયામાં એકદમ ગરમ ઉનનું ઉત્પાદક છે. દુનિયામાં બનતા ઉનમાંથી પાંચમા ભાગનું ઉન મોંગોલિયામાં પેદા થાય છે. યુરોપ અને અમેરિકા સહિતના દેશોને તેની જરૂર હોય છે તેથી તેના પર કોઈ મોટા પ્રતિબંધો મૂકી શકાય તેમ નથી.**

રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન ૩ સપ્ટેમ્બરે મોંગોલિયા જવાના છે ત્યારે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ એ પુતિન સામે બહાર પાડેલું વોરંટ ચર્ચામાં છે. ૧૯૩૯માં બીજા વિશ્વયુધ્ધ વખતે સોવિયેત યુનિયન અને મોંગોલિયાના લશ્કરે ભેગા મળીને જાપાને હરાવેલું. ૩ સપ્ટેમ્બરે આ જીતને ૮૫ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે તેથી મોંગોલિયના પ્રમુખ ઉખ્ના ખુરેલસુખે મોંગાલિયાની રાજધાની ઉલાન બાટોરમા જલસો રાખ્યો છે. પુતિન આ જલસામાં ભાગ લેવા મોંગોલિયા જઈ રહ્યા છે.આઈસીસીએ મોંગાલિયાને પુતિન તેમના દેશમાં આવે તો પકડીને જેલભેગા કરવા કહ્યું છે. આઈસીસીએ કહ્યું છે કે, પુતિન મોંગોલિયા જાય પછી તેમની ધરપકડ કરવાની જવાબદારી મોંગોલિયાના અધિકારીઓની છે. મોંગોલિયા પુતિનની ધરપકડ ના કરે તો આકરાં પગલાં માટે તેણે તૈયાર રહેવું પડશે. આઈસીસીએ ૨૦૨૩ના માર્ચમાં પુતિન સામે એરેસ્ટ વોરંટ બહાર પાડેલું. રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું પછી રશિયન લશ્કરે યુક્રેનના નાગરિકો પર કરેલા અત્યાચારો માટે પુતિનને અપરાધી ગણાવીને આ વોરંટ બહાર પડાયું છે. યુનાઈટેડ નેશન્સે પોતાના દ્વારા કરાયેલી તપાસમાં રશિયાના લશ્કરે યુક્રેનમાં તેના કબજા હેઠળના વિસ્તારોમાં અત્યાચારો ગુજાર્યા હોવાના આરોપો સાચા નિકળ્યા હોવાનો દાવો કર્યો પછી આઈસીસીએ આ ધરપકડ વોરંટ બહાર પાડયું હતું. પુતિનની સાથે સાથે રશિયન સરકારની બાળકોના અધિકાર માટે કામ કરતી સંસ્થાનાં પ્રમુખ મારીયા એલેક્સેયેવના લોવા-બેલોવા સામે પણ ધરપકડ વોરંટ બહાર પડાયું છે. આઈસીસીના આરોપ પ્રમાણે, રશિયન લશ્કરે ગુજારેલા તમામ યુધ્ધ અપરાધો (વોર ક્રાઈમ્સ) માટે પુતિન જવાબદાર હોવાથી તેમની ધરપકડ કરીને આઈસીસી કેસ ચલાવશે. મારીયાએ પુતિનના માનવાધિકાર વિરોધી અને ગેરકાયદેસરકૃત્યમાં સાથ આપ્યો હોવાથી મારીયા પણ અપરાધી છે તેથી તેની સામે પણ કેસ ચલાવીને તેના અપરાધોની સજા અપાશે.નેધરલેન્ડ્સના હેગમાં હેડક્વાર્ટર ધરાવતી આઈસીસીના આરોપનામા પ્રમાણે રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યા પછી હજારો બાળકોને યુક્રેનથી રશિયા મોકલી દીધાં છે. આ બાળકોનાં અપહરણો અપરાધ મારીયાની દેખરેખમાં કરાયો છે. મારીયાએ કાવતરું ઘડેલું ને તેની દેખરેખમાં બાળકોને બળજબરીથી રશિયા મોકલીને દત્તક આપી દેવાનું નાટક કરાયું છે.મારીયાએ પોતે યુક્રેનથી બાળકો મોકલ્યાંના ઈન્કાર નહોતો કર્યો પણ તેનું યુધ્ધમાં ફસાયેલા પ્રદેશમાંથી બાળકોને બહાર કાઢીને પોતે બાળકોનું ભલું કર્યું છે એવો દાવો કરેલો. મારીયાનું કહેવું હતું, રશિયા મોકલીને આ બાળકોને સારા અને સલામત વાતાવરણમાં મોકલીને બહેતર ભવિષ્ય આપ્યું છે. યુધ્ધને કારણે સતત ફફડતા જીવે રહેતાં બાળકોને સારાં લોકોની વચ્ચે મોકલ્યાં છે.રશિયાએ સત્તાવાર રીતે આ વોરંટ સામે આક્રમક પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું હતું. રશિયાએ સત્તાવાર રીતે કહેલું કે, આઈસીસીના આ ધરપકડ વોરંટનો અર્થ નથી કેમ કે રશિયા ૨૦૧૬થી આઈ સી સી ને માન્યતા આપતી રોમ સંધિનો ભાગ નથી. જો કે પુતિનના ખાસ ગણાતા અને રશિયાના પ્રમુખ રહી ચૂકેલા દમિત્રી મેડવેવે તો કહી દીધેલું કે, આ ધરપકડ વોરંટની કિંમત ટોઈલેટ પેપરથી વધારે કંઈ નથી. મેડવેવ પુતિનનાં આંખ-કાન બધું ગણાય છે એ જોતાં તેમની વાત પુતિનની વાત જ ગણાતી હતી. પુતિને એક, બે ને ત્રણ કરીને વોરંટને કચરાટોપલીને લાયક ગણ્યું છે એ સ્પષ્ટ હતું. પુતિન અત્યારે આઈસીસીના સભ્ય એવા મોંગોલિયા જઈ રહ્યા છે તેનું કારણ પણ એ જ છે કે, આ વોરંટની પુતિનની કંઈ પડી જ નથી. પુતિનને એવું જ લાગે છે કે, પુતિનની ધરપકડની વાત તો છોડો પણ આઈસીસી તેનો વાળ પણ વાંકો કરી શકે તેમ નથી. પુતિનની આ માન્યતા ખોટી પણ નથી કેમ કે આઈસીસી પાસે કોઈ સત્તા જ નથી. પુતિનને તો હાથ અડાડવાની પણ તેની તાકાત નથી પણ મોંગોલિયાને પણ એ કશું કરી શકે કેમ નથી. ૩૫ લાખની વસતી ધરાવતા મોંગોલિયાની ઈકોનોમી અમેરિકા કે દુનિયાના બીજા કોઈ દેશ પર નિર્ભર નથી. ખેતી અને પશુપાલન પર નભતા મોંગોલિયાની દુનિયામાં એકદમ ગરમ ઉનનું ઉત્પાદક છે. દુનિયામાં બનતા ઉનમાંથી પાંચમા ભાગનું ઉન મોંગોલિયામાં પેદા થાય છે. યુરોપ અને અમેરિકા સહિતના દેશોને તેની જરૂર હોય છે તથી તેના પર કોઈ મોટા પ્રતિબંધો મૂકી શકાય તેમ નથી. આઈસીસીએ પોતાનું અસ્તિત્વ છે એ બતાવવા ભલે મોંગોલિયાની પુતિનની ધરપકડ કરવાની દાટી આપી પણ આઈસીસીને પણ ખબર છે કે પુતિનનું કશું બગાડી શકાય તેમ નથી. પુતિનનું બગાડવાની વાત તો છોડો પણ પુતિનને મોંગોલિયા જતાં પણ નહીં રોકી શકે. પુતિન આખી દુનિયાને ઘોળીને પી ગયા છે. યુક્રેન પર આક્રમણને પગલે રશિયા પર અમેરિકા સહિતના દેશોએ જાત જાતના પ્રતિબંધ મૂક્યા છે. રશિયાનું નાક દબાવવા માટે તેના ક્રૂડ ઓઈલની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનું એલાન પણ કર્યું પણ પુતિન મચક આપતા નથી ત્યારે નહોર વિનાના વાઘ જેવી આઈસીસીના ફરફરિયાથી પુતિન ડરી જાય એ વાતમાં માલ નથી. યુક્રેન યુધ્ધના મામલે કોઈને ગણકારતા નથી અને મનમાની કરે છે ત્યારે આઈસીસીના ધરપકડ વોરંટને કારણ ડરીને મોંગોલિયા ના જાય એવી આશા રાખવી જ મૂર્ખામી છે. બીજું એ કે આઈસીસી પાસે આ વોરંટની બજવણી કરવાની સત્તા કે તાકાત જ નથી. આઈસીસીના સભ્ય હોય એવા દેશોમાં કોઈની ધરપકડ કરતાં આઈસીસીને ફીણ પડી જાય છે ત્યારે પુતિનના પગમાં આળોટતા મોંગોલિયા જઈને વોરંટ બજાવવાની તો કલ્પના જ ના થાય.પુતિન પહેલી વાર આઈસીસીના સભ્ય દેશની મુલાકાતેપુતિન સામે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે વોરંટ બહાર પાડયું પછી પુતિન પહેલી વાર કોઈ સભ્ય દેશની આ મુલાકાતે જવાના છે. ગયા વર્ષે ૧૭ માર્ચે આઈસીસીએ વોરંટ બહાર પાડયું પછી પુતિન ૧૧ દેશોની મુલાકાતે ગયા છે પણ તેમાંથી કોઈ દેશ આઈસીસીનો સભ્ય દેશ નથી. પુતિન અત્યાર લગી ચીન, ઉત્તર કોરિયા, સાઉદી અરેબિયા અને યુએઈ સહિતન દેશોના પ્રવાસે ગયા છે પણ અત્યાર સુધી તેમણે આઈસીસીના સભ્ય કોઈ પણ દેશમાં જવાનું ટાળ્યું છે. આઈસીસીના સભ્ય દેશ દ્વારા આઈસીસીના વોરંટનો અમલ ના કરાય તો આઈસીસી સાથે સંકળાયેલા દેશો તેના પર આર્થિક પ્રતિબંધો લાદી શકે છે.દુનિયાના દેશોએ ભેગા મળીને બનાવેલી ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (આઈસીસી) નેધરલેન્ડસના હેગમાં બેસે છે. ૧૯૯૮માં બનેલી આ કોર્ટને દુનિયાના ૧૨૪ દેશો દ્વારા માન્યતા અપાઈ છે. બે દેશો વચ્ચેના વિવાદો ઉકેલવા યુનાઈટેડ નેશન્સ દ્વારા સ્થપાયેલી ઈન્ટરનેશલ કોર્ટ એફ જસ્ટિસ અને ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ અલગ અલગ છે. આઈસીસી રોમ કરાર હેઠળ કામ કરે છે. ભારત આઈસીસીનું સભ્ય નહીં હોવાથી ભારતમાં આઈ સી સી ની સત્તા નથી ચાલતી. અમેરિકા, રશિયા અને ચીન જેવા દેશો પણ આઈસીસીના સભ્ય નથી તેથી ત્યાં પણ આઈસીસીની સત્તા ચાલતી નથી. યુકે સહિતના યુરોપના દેશો આઈસીસીના સભ્ય છે.આઈસીસી દ્વારા માનવતા વિરૂધ્ધના અત્યાચારો, જીનો સાઈડ એટલે કે કોઈ સમાજનું નિકંદન કાઢી નાંખવા કરાતા હત્યાકાંડ, યુધ્ધ સમયના અપરાધો, આક્રમણ વગેરે અપરાધો કેસ કરાય છે. કોઈ પણ દેશના વડાઓ કે ઉચ્ચ અધિકારીઓ સામે કેસ ચલવાતી દુનિયાની એક માત્ર કોર્ટ છે. આ કોર્ટ મોટી કંપનીઓ તથા સંગઠનો સામે પણ કેસ ચલાવી શકે છે.પુતિનની ગર્લફ્રેન્ડ મનાતી મારીયા સામે પણ આઈસીસીનું એરેસ્ટ વોરંટપુતિનની સાથે સાથે આઈસીસીએ મારીયા એલેક્સેયેવના લોવા-બેલોવા સામે પણ ધરપકડનું વોરંટ બહાર પાડયું હતું. માત્ર ૩૯ વર્ષની મારીયા રશિયાની બાળકોના અધિકારો માટેની સંસ્થાની પ્રેસિડેન્શિયલ કમિશનર છે. મૂળ મ્યુઝિશિયન મારીયાએ મ્યુઝિકમાં ગ્રેજ્યુએશન કર્યું છે. મારીયાએ કારકિર્દીની શરૂઆત બાળકોની સ્કૂલમાં ગિટાર ટીચર તરીકે શરૂ કરી હતી. મ્યુઝિશિયન્સ તરીકે મારીયા જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લેતી હતી. આવા કાર્યક્રમમાં વ્લાદિમિર પુતિનની તેના પર નજર પડતાં મારીયાના દિવસો ફરી ગયા. મારીયાને પુતિને પોતાની પાર્ટીની સભ્ય બનાવી. મારીયા નિયમિત રીતે પુતિનના કાર્યક્રમોમાં હાજરી આપતી તેથી પુતિન સાથે નિકટતા સ્થપાઈ અને બંને વચ્ચે સંબધો બંધાવા હોવાનું કહેવાય છે. પુતિનની પાર્ટી યુનાઈટેડ રશિયા પાર્ટીમાં મારીયા ઝડપથી આગળ આવી તેનું કારણ પુતિન સાથેના ગાઢ સંબંધો છે. પુતિને મારીયાને સેનેટર બનાવી પછી પ્રેસિ ડેન્શિયલ કમિશનર બનાવી દીધી. રશિયન ઓર્થોડોક્સ ચર્ચના પાદરી પાવેલ કોગેલ મેન સાથે મારીયાએ નલગ્ન કર્યા છે. કોમ્પ્યુટર પ્રોગ્રામરમાંથી પાદરી બનેલા પાવેલે ૨૦૦૩માં મારીયા સાથે લગ્ન કર્યા હતાં. આ લગ્નથી મારીયાને પાંચ સંતાનો થયાં છે. આ ઉપરાંત મારીયા-પોવેલે ૧૮ બાળકોને દત્તક પણ લીધાં છે.

# ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઇ પટેલે વાઘમાળ ગામે અસરગ્રસ્ત પરિવારની મુલાકાત લીધી



**(અર્જુન જાધવ દ્વારા, વઘઈ) :** ગત દિવસોમાં ડાંગ જિલ્લામાં ભારે વરસાદના કારણે અહિંના જનજીવન ઉપર વિપરીત અસર થવાં પામી હતી. ત્યારે ગુજરાત વિધાનસભાના નાયબ દંડક વ જિલ્લાના ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલે, વઘઇ તાલુકાના વાઘમાળ ગામમાં અસરગ્રસ્ત પરિવારની રૂબરૂ મુલાકાત લઈ, ઘરને થયેલ નુકશાન અંગે સંબધિત અધિકારીને માર્ગદર્શિત કરી તાત્કાલિક સહાય ચુકવણીની કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું હતુ. વરસાદની વિપદા સમયે જિલ્લા વહિવટી તંત્ર તેમજ જિલ્લાના પદાધિકારીઓએ પરસ્પર સંકલન અને સહયોગ સાથે બચાવ રાહત કામગીરી હાથ ધરી, પ્રજાજનોની પડખે રહેવાનો અભિગમ અપનાવ્યો હતો.

ઉલેખનીય છે કે, ડાંગ જિલ્લામાં થયેલ માનવ મૃત્યુ, પશુ મૃત્યુ તેમજ નુકસાનની અંગે સહાય ચુકવણાની કામગીરી વહિવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

# “તેરા તુજકો અર્પણ” કાર્યક્રમ અંતર્ગત કુલ રૂ.૩.૮૩ લાખથી વધુનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કરતી ડાંગ પોલીસ




**(અર્જુન જાધવ દ્વારા, વઘઈ)** :ડાંગ જિલ્લા પોલીસ દ્વારા વિવિધ ગુનાઓ, તથા મળેલી અરજી/ફરિયાદો અંતર્ગત કાયદેસરની કાર્યવાહી હાથ ધરી, વિવિધ ચીજ વસ્તુઓ તથા મુદ્દામાલ મુળમાલિકોને ત્વરિત પરત મળી રહે તે હેતુથી ‘તેરા તુજકો અર્પણ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.ડાંગ જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયાની અધ્યક્ષતા, અને નાયબ પોલીસ અધિક્ષક શ્રી એસ.જી. પાટીલની આગેવાની હેઠળ આહવા ખાતે ‘તેરા તુજકો અર્પણ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.દરમિયાન જિલ્લાના અરજદારો દ્વારા પોલીસ સ્ટેશનમાં કરાયેલી અલગ અલગ પ્રકારની અરજી/ફરિયાદો પૈકી મોબાઈલ ખોવાઈ જવા બાબતની અરજીઓમાં, જિલ્લાની એલ. સી. બી. શાખા દ્વારા C.E.I.R. પોર્ટલમાં રજીસ્ટ્રેશન કરી, બીટ ઈન્ચાર્જ તથા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચના ટેકનીકલ સ્ટાફ સાથે સંકલનમાં રહી, હ્યુમન અને ટેકનીકલ સોર્સથી તપાસ કરી/કરાવી, કુલ નં ૧૨ નંગ મોબાઈલ કે જેની કિમત રૂ. ૨,૦૦,૯૮૦/- ના મોબાઇલ ફોન અરજદારોને પરત કર્યા હતા.આ ઉપરાંત સાયબર ક્રાઈમનો ભોગ બનેલ વ્યકિતઓ કે જેમણે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન-આહવા ખાતે આવી પોતાની સાથે થયેલ સાયબર ફ્રોડ બનાવ અંગેની હકિકતલક્ષી રજુઆત કરી અરજીઓ કરી હતી. જેમની અરજીઓની તપાસ બાદ, ફ્રોડમાં ગયેલ કુલ રૂ.૧,૮૨,૦૫૭/- ની રકમ, અરજદારોને પરત આપવામાં આવી હતી.આમ, ડાંગ જિલ્લા પોલીસે કુલ રૂ.૩.૮૩ લાખથી વધુનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કર્યો હતો.નાગરિકોને પોતાની વસ્તુઓ પરત મળતા રાજીપો વ્યકત કરી પોલીસની આ પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી.આ પ્રસંગે સાયબર ક્રાઈમ આહવાના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી વી.કે. ગઢવી, લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે.જે. નિરંજન સહિત નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા.

# મીરજાપોર પ્રાથમિક શાળાનાં મુખ્યશિક્ષિકા અંજના પટેલ પ્રતિભાશાળી શિક્ષક તરીકે સન્માનિત




**(પ્રતિનિધિ દ્વારા, ઓલપાડ) :** રાજ્યનાં શિક્ષણ વિભાગની એક આવકારદાયક યોજના અન્વયે પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર આપવા માટે સમગ્ર રાજ્યનાં દરેક કલસ્ટર દીઠ અને દરેક સત્ર દીઠ એક શિક્ષકની પસંદગી કરવાની હોય છે. યોજના અન્વયે વર્ષ ૨૦૨૪/૨૫ નાં પ્રથમ સત્ર માટે તાલુકાનાં ક્લસ્ટર દીઠ એક પ્રતિભાશાળી શિક્ષકની પસંદગી તેનાં નવાચાર, શૈક્ષણિક સિધ્ધિ જેવાં માપદંડોને આધારે કરવામાં આવી હતી. જેમાં ઓલપાડ તાલુકાનાં ક્લસ્ટર રિસોર્સ સેન્ટર, કરંજ સંલગ્ન પ્રાથમિક શાળા, મીરજાપોરનાં મુખ્યશિક્ષિકા શ્રીમતી અંજનાબેન ઈશ્વર ભાઈ પટેલની પસંદગી થવા પામી હતી.આ કર્તવ્યનિષ્ઠ શિક્ષિકાબેનને સ્વાતંત્ર્ય દિવસનાં શુભ અવસરે રાજ્યનાં શિક્ષણ વિભાગ દ્વારા મળેલ ‘પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર’ ઓલપાડનાં મામલતદાર એલ. આર. ચૌધરીનાં હસ્તે મહાનુભવોની પ્રેરક ઉપસ્થિતિમાં આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. જેમને કરંજનાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર વિજય પટેલ, ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં કાર્યવાહક પ્રમુખ ગિરીશ પટેલ, ઉપપ્રમુખ ચિરાગ પટેલ, કેન્દ્રાચાર્યા જાગૃતિ પટેલ તથા કેન્દ્ર સંલગ્ન પ્રાથમિક શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

# ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડીયાની વિશેષ ઉપસ્થિતીમાં અંબાચ ખાતે પીએમ જનમન કેમ્પ યોજાયો



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** :પીએમ જનમન અભિયાનના બીજા તબક્કા અંતર્ગત તાપી જિલ્લાના વાલોડ તાલુકાના ગ્રામ પંચાયત અંબાચ ખાતે પીએમ જનમન કેમ્પ યોજાયો હતો. આ કાર્યક્રમ ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયાએ વિશેષ ઉપસ્થિતી નોંધાવી કેમ્પની શરૂઆત કરાવી હતી.આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયાએ લાભાર્થીઓને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજાનાઓ અંગે માહિતી પુરી પાડી હતી.વધુમાં કેમ્પમાં ઉપસ્થિત સંબધિત અધિકારી ઓને નાગરિકોના પ્રશ્નોને કેમ્પમાં જ નિકાલ કરવા માટે જણાવ્યું હતું.ઉપસ્થિત લાભાર્થી ઓને ધારાસભ્યશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવો ના હસ્તે લાભો વિતરણ કરવામાં આવ્યા હતા.નોધનિય છે કે, પીએમ જનમન કેમ્પ અંતર્ગત અંબાચ ગામના પીવીટીવી સમુદાયના લોકો માટે આવાસ, રસ્તા, પીવાના પાણીના નળ, વીજળી જોડાણ, આરોગ્ય સુવિધા, આંગણવાડી કેન્દ્ર,જેવી વિવિધ સુવિધાઓ તેમજ સરકારની વિવિધ યોજનાઓથી તમામ વ્યક્તિઓ-પરિવારોને સ્થળ પર જ લાભાંવિત કરી શકાય તે માટે ખાસ ઝુંબેશ તથા કેમ્પનું આયોજનઅંબાચ ખાતે કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખશ્રી વર્ષાબેન, હળપતિ ગ્રામ ગૃહ નિર્માણ અધ્યક્ષના શ્રી જ્યોત્સનાબેન ગામીત, તાલુકા પંચાયત સભ્યશ્રી કુલદીપ ચૌધરી તાલુકા વિકાસ અધિકારીશ્રી ડી.ડી. પટેલ, મામલતદાર શ્રી તેજલ પટેલ, ગામના સરપંચ શ્રી અમૃતભાઈ ચૌધરી અને ગામના ડેપ્યુટી સરપંચ શ્રી પીએમ જનમન નિલેશભાઈ ગામીત અને ગ્રામજનો તથા તમામ વિભાગના અધિકારી કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

# વ્યારા નગરપાલિકા દ્વારા વિવિધ શેરી, રોડ રસ્તા,ગટર સફાઈ સહિત દવા છંટકાવની કામગીરી પૂરજોશમાં



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** જિલ્લા કલેકટરશ્રી ડો.વિપિન ગર્ગના માર્ગદર્શન હેઠળ જિલ્લાની નગરપાલિકાઓમાં વરસાદના વિરામ બાદ તાત્કાલિક ધોરણે ભરાયેલા પાણીનો નિકાલ થાય રોડ રસ્તા ગળનાળા સહિતના વિસ્તારા માં યોગ્ય સાફ-સફાઈ કરવામાં આવે, લોકોની અવરજવર માટે ધોવાયેલ શેરીઓ તેમજ રસ્તાઓનું સમારકામ કરવામાં આવે તથા લોકોના આરોગ્ય માટે આ શેરીઓ તેમજ રસ્તાઓ પર સાફ-સફાઈ અને દવા છંટકાવ સહિતની કામગીરી પર ભાર મૂકવામાં આવી રહ્યો છે .ત્યારે આજે વ્યારાનગરપાલિકા દ્વારા વ્યારા શહેરની સ્વચ્છતા માટે નગરપાલિકા અને આરોગ્યની વિવિધ ટીમોની રચના કરી સાફ-સફાઇ અને દવા છંટાકાવ કરવાની કામગીરી કરવામાં હતી. વ્યારા ચીફ ઓફિસરશ્રી વંદના ડોબરિયા દ્વારા નગર પાલિકા વિસ્તારના ૭ વોર્ડ મુજબ સુપરવાઈઝરો અને મુજબ સફાઈના કર્મચારીઓ સહિત અલગ અલગ ટીમની રચના કરવામાં આવી છે.આ ટીમ દ્વારા રોડ રસ્તાઓ પર ફેલાયેલા ગંદકીના પડ દૂર કરી રસ્તાને ચોખ્ખા કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત આરોગ્યની ટીમ દ્વારા રસ્તા પર દવા છંટકાવ તેમજ ફોગીંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. ટીમ દ્વારા વધુ અસરગ્રસ્ત વિસ્તારોને પ્રાથમિકતા આપી કામગીરી કરવામાં આવી રહી છે. શક્ય હોય તેટલી ઝડપે તમામ વિસ્તારોમાં સાફ-સફાઈ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે

# તાપી જિલ્લામાં નવરાત્રી રાસ ગરબા સ્પર્ધાઃ ૨૦૨૪-૨૫નું આયોજન

**રાસ ગરબા સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક યુવાઓએ ૫ સપ્ટેમ્બર સુધીમાં નિયત નમુનાનું અરજીપત્રક ભરી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીએ રૂબરૂ અથવા ટપાલ દ્વારા મોકલી આપવાનું રહેશે**



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** ગુજરાત સરકારશ્રીનાં રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્રારા આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી,તાપી સંચાલિત નવરાત્રી રાસ ગરબા સ્પર્ધાઃ૨૦૨૪-૨૫નું આયોજન કરવામાં આવનાર છે.જેમાં ભાગ લેવા ઈચ્છતા તાપી જિલ્લાના વિસ્તારમાં રહેતા યુવક-યુવતીઓએ પ્રાચીન તેમજ અર્વાચીન ગરબા સ્પર્ધામાં ૧૪ થી ૩૫ વર્ષ અને રાસ સ્પર્ધામાં ૧૪ થી ૪૦ વર્ષના ભાગ લઈ શકશે.આ જિલ્લાકક્ષાની નવરાત્રી રાસ- ગરબા સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકોએ નિયત નમુનાનું અરજીપત્રક સંપૂર્ણ વિગત સાથે બે નકલમાં ભરી, જન્મ તારીખનાં પુરાવા તરીકે દરેક સ્પર્ધક્ની આધારકાર્ડની નકલ સાથે અરજી “પ્રતિ, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બ્લોક નં. ૬, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન, પાનવાડી, વ્યારા, જિ.તાપી ખાતે તા.૦૫/૦૯/૨૦૨૪ સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાની રહેશે.પ્રાચીન-અર્વાચીન ગરબા તેમજ રાસનાં શબ્દો અરજી સાથે આપવાનાં રહેશે.એમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# સોનગઢ નગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં સાફસફાઇ અને દવા છંટકાવની કામગીરી પુરજોશમાં



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા:** તાપી જિલ્લામાં આગામી દિવસોમાં ભારે વરસાદના કારણે ઘણા વિસ્તારો વરસાદી પાણીથી અસરગ્રસ્ત પામ્યા હતા. વરસાદના હળવા વિરામ બાદ તાપી જિલ્લા વહિવટી તંત્ર દ્વારા વિવિધ વિસ્તારોમાં સાફસફાઇ અને દવા છંટકાવની કામગીરી હાથ ધરાઇ રહી છે.તાપી વહીવટીતંત્રના માર્ગદર્શન હેઠલ સોનગઢ નગરપાલિકા દ્વારા પુરજોશમાં સફાઇ અભિયાન અને દવા છંટકાવની કામગીરી કરવામાં આવી હતી. ભારે વરસાદના કારણે સોનગઢ નગર પાલિકા વિસ્તારના રોડ-રસ્તા, ગરનાળા, ગટર જેવી વિવિધ જગ્યાઓએ ભરાયેલા ગંદા પાણી અને કચરાનો નિકાલ કરી સાફસફાઈ કર્યા બાદ આ વિસ્તારોમાં રોગચાળો ન વકરે તે માટે મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા જંતુનાશક પાવડર અને જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. નોધનિય છે કે, તાપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાપી જિલ્લાના નાગરીકોને કોઇ પણ પ્રકારની હાલાકી કે ભીમારીઓનો સામનો ન કરવો પડે તે માટે તાત્કાલીક ધોરણે સતર્કતા રાખી તમામ વિસ્તારોમાં સફાઇ અને દવા છંટકાવની કામગીરી કરવામાં આવી રહી છે.